# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28/05/2026** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **ગાંધીનગરમાં ઉચ્ચ સ્તરીય બેઠક યોજીને ગીરમાં થયેલા સિંહ બાળ મૃત્યુ અંગેની તલસ્પર્શી વિગતો મેળવતા મુખ્યમંત્રી**
2. **ખેડૂતોને તાર ફેન્સિંગની સહાયમાં વધારો કરવાનો રાજ્યમંત્રી મંડળનો નિર્ણય**
3. **કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આજે અમદાવાદ અને ગાંધીનગરમાં વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે**
4. **ગુજરાત સરકાર “૧૨ વર્ષ વિશ્વાસના, વિકાસના અને જનકલ્યાણના” કાર્યક્રમ અંતર્ગત રાજ્યવ્યાપી કાર્યક્રમોના આયોજન દ્વારા ઉજવણી**
5. **રાજ્યમાં 30મીમેથી બે દિવસ વરસાદ વરસવાની આગાહી**
6. **આઇપીએલ ક્રિકેટની એલિમિનેટર મેચમાં રાજસ્થાન રોયલ્સનો સનરાઇઝર્સ હૈદ્રાબાદ સામે વિજય... હવે ગુજરાત ટાઇટન્સ સાથે ટક્કર**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# CM LION

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ગીર વિસ્તારમાં થયેલા સિંહ બાળ મૃત્યુ અંગેની તલસ્પર્શી વિગતો ગાંધીનગરમાં ઉચ્ચ સ્તરીય બેઠક યોજીને મેળવી હતી. જેમાં 4 સિંહ બાળના મૃત્યુ જુદા જુદા વિસ્તારોમાં થયા છે અને આ વિસ્તારના કુલ 17 જેટલા સિંહોને આઇસોલેટ કરીને તેની કાળજી લેવામાં આવી રહી છે. તેની વિગતો વન પર્યાવરણ અગ્ર સચિવ ડો. વિનોદ રાવે આપી હતી.

ગીર ગઢડા અને બાબરીયા વિસ્તારના 10 કિ.મી.ની ત્રિજ્યામાં રહેલા તમામ સિંહોનું સઘન મોનીટરીંગ કરવામાં આવી રહેલ છે અને તેમનામાં કોઇ અન્ય બિમારીના લક્ષણો જણાઇ આવ્યા નથી. અમરેલી અને ભાવનગર જીલ્લાના મહેસુલી વિસ્તારમાં તમામ સિંહોનું સઘન નિરિક્ષણ વન વિભાગ દ્વારા કરવામાં આવી રહેલ છે અને તેનો દૈનિક અહેવાલ પણ મેળવવામાં આવે છે.

ઉનાળાની શરૂઆતમાં જોવા મળતી આવી સીઝનલ બિમારી સામે સલામતી ના ભાગ રૂપે ગીર વિસ્તારના 350 થી વધુ સિંહોના ડી ટીકીંગ અને અન્ય આરોગ્યલક્ષી પગલાઓની કામગીરી હાથ ધરવામાં આવી છે તેની વિગતો પણ આ બેઠકમાં મુખ્યમંત્રીને આપવામાં આવેલ હતી.

આ કામગીરીમાં જૂનાગઢ વેટરનરી કોલેજના નિષ્ણાંત તબિબો પણ જોડાયા છે તેમ અગ્ર મુખ્ય વન સંરક્ષક જયપાલ સિંહે જણાવ્યુ હતુ.

# TAR FENCING SAHAY

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને મળેલી મંત્રીમંડળની બેઠકમાં રાજ્યના ખેડૂતોના પાકને પશુઓ અને વન્ય પ્રાણીઓથી થતા નુકસાનને અટકાવવા માટે ‘કાંટાળી તારની વાડની યોજનાના નિયમોમાં ખેડૂતહિતલક્ષી સુધારા કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું રાજ્યના કૃષિ અને પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું...

(BYTE- JITU VAGHANI, SPOKESPERSON MINISTER)

# AMIT SHAH GUJARAT

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજથી રાજ્યના બે દિવસના પ્રવાસે છે. તેઓ ગાંધીનગર અને અમદાવાદમાં વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. તેઓ ગાંધીનગરના કલોલના વડસર ખાતે નવનિર્મિત તળાવનું ઉદ્ઘાટન કરશે. ત્યારબાદ તેઓ નવનિર્મિત વાંચન ખંડનું ઉદ્ઘાટન કરશે. શ્રી શાહ ટોયોટા કિર્લોસ્કર લિમિટેડ અને રાજ્ય સરકાર વચ્ચે સમજૂતી કરાર દરમિયાન પણ ઉપસ્થિત રહેશે.

**(VC: HINA MODI)**

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ કલોલના ખાત્રજમાં તળાવના નવીનીકરણ કાર્યનું ખાતમુહૂર્ત તેમજ ગ્રામ પંચાયત કચેરીનું ઉદ્ઘાટન કરશે.

તેઓ ભોયણ મોટી ખાતે પ્રાથમિક શાળાનું ઉદ્ઘાટન અને જલુંદ ખાતે પ્રાથમિક શાળાનું ખાતમુહૂર્ત કરશે. બપોર બાદ તેઓ સરઢવ ખાતે પુસ્તકાલયનું ઉદ્ઘાટન તેમજ સોનીપુર ગામમાં પીવાના પાણીની વ્યવસ્થા, તળાવ, પ્રાથમિક શાળા અને કલોલ તથા ગાંધીનગર (ઉત્તર) વિધાનસભા મતવિસ્તારમાં વિકાસકાર્યોનું ઉદ્ઘાટન અને ખાતમુહૂર્ત કરશે.

સાંજે અમદાવાદના સોલા ખાતે તેઓ માતા ઉમિયા ધામ કેમ્પસમાં છાત્રાલય અને નવા વાડજમાં 'ભારત માતા સ્ક્વેર'નું ઉદ્ઘાટન કરશે. શાહીબાગ ખાતે ઓલિમ્પિક્સ, કોમનવેલ્થ ગેમ્સ અને વર્લ્ડ પોલીસ અને ફાયર ગેમ્સની તૈયારીઓ અંગે સમીક્ષા બેઠકમાં પણ તેઓ ઉપસ્થિત રહેશે. આવતીકાલે શ્રી શાહ સરહદી જિલ્લા કચ્છની પણ ખાસ મુલાકાત લેશે.

# DESSA URBAN HAT

બનાસકાંઠાના મુખ્ય વ્યાપારી મથક ડીસા ખાતે રાજ્યમંત્રી પ્રવીણ માળી અને મંત્રી સ્વરૂપજી ઠાકોરના હસ્તે અંદાજે ૨૧ કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ પામનાર ‘અર્બન હાટ’નું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 'વોકલ ફોર લોકલ' અને 'આત્મનિર્ભર ભારત'ના સંકલ્પને સાકાર કરવાના ઉદ્દેશ્ય સાથે શરૂ થયેલો આ પ્રોજેક્ટ સ્થાનિક હસ્તકલાના કારીગરો માટે આશીર્વાદરૂપ બનશે.

આ અર્બન હાટમાં પટોળા, પેચવર્ક, ભરતકામ અને ટેરાકોટા જેવી પરંપરાગત કલાના કલાકારોને પોતાનું ઉત્પાદન પ્રદર્શિત કરવા અને વેચવા માટે એક કાયમી વૈશ્વિક પ્લેટફોર્મ મળશે.

ડીસાના વ્યૂહાત્મક ભૌગોલિક સ્થાનનો લાભ મેળવી આ પ્રોજેક્ટ સ્થાનિક રોજગારી અને આર્થિક વિકાસને નવી ગતિ આપશે. આ અત્યાધુનિક હાટમાં પાકા સ્ટોલ, ફૂડ કોર્ટ, મલ્ટીપર્પઝ હોલ અને ડોરમેટરી જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે, જે સમગ્ર વિસ્તારના હસ્તકલા અને સંસ્કૃતિના જતન માટે સીમાચિહ્નરૂપ સાબિત થશે.

## PM 12 YEAR CELE. IN GUJARAT- JITU VAGHANI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર “12 વર્ષ વિશ્વાસના, વિકાસના અને જનકલ્યાણના” કાર્યક્રમ અંતર્ગત રાજ્યવ્યાપી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

જે અંતર્ગત આગામી તા. 11 અને 12 જૂનના રોજ મુખ્યમંત્રી અને મંત્રીમંડળના સભ્યો આ 12 વર્ષોમાં થયેલા પરિવર્તન અને વિકાસના કાર્યો અંગે વિસ્તૃત ચર્ચા-સંવાદ કરશે. આગામી 5 જૂન - વિશ્વ પર્યાવરણ દિવસે રાજ્યભરમાં ‘એક પેડ મા કે નામ’ અભિયાનને વ્યાપક બનાવવામાં આવશે..

08 થી 14 જૂન દરમિયાન 'પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ' પર વિશેષ ભાર મૂકીને રાજ્યના તમામ ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં સફાઈ ઝુંબેશ ચલાવવામાં આવશે.સાથે જ પ્રગતિપથ યાત્રા પણ યોજાશે.

રાજ્યના નાગરિકોને ઘરઆંગણે સેવાઓ આપવાના ઉદ્દેશ્યથી 12 થી 20 જૂન દરમિયાન 'સેવા સેતુ' અંતર્ગત ‘જનકલ્યાણ શિબિરો'નું આયોજન કરાશે.

રાજ્યભરમાં ખેડૂતો માટે 1 હજારથી વધુ સ્થળોએ પ્રાકૃતિક ખેતીના વર્કશોપ અને પ્રદર્શન યોજાશે.આ સમગ્ર રાજ્યવ્યાપી અભિયાનની પૂર્ણાહુતિ **21** જૂન - આંતરરાષ્ટ્રીય યોગ દિવસના રોજ થશે.

આ દિવસે ગુજરાત યોગ બોર્ડના સહયોગથી પ્રત્યેક તાલુકા મથકોએ સામૂહિક યોગાભ્યાસના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

ગોન્ગ મ્યુઝિક

..................................

## EBOLA

ઈબોલા વાયરસ અંગે રાજ્ય સરકાર સતર્ક હોવાનું અને નાગરિકોએ ગભરાવાની જરૂર નથી તેમ  આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસરિયાએ કહ્યું છે. કોંગોમાં ઇબોલાના અસર જોવા મળી રહી છે ત્યારે  એક વ્યાપારી કોંગોથી મુંબઇ  આવ્યા હતા અને ત્યાંથી વડોદરા પહોંચ્યા હતા જ્યાં તેમને તાવ આવ્યો હતો અને ખાનગી હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી છે.

આ વ્યાપારીને સુરક્ષાની દૃષ્ટિએ ક્વોરંટાઈન કરવામાં આવ્યા છે. આરોગ્ય વિભાગે જણાવ્યું છે કે, વ્યાપારીના સંપર્કમાં આવેલા અન્ય બે વ્યક્તિઓ અને એક ડોક્ટરને પણ ક્વોરંટાઈન કરવામાં આવ્યા છે. આરોગ્ય મંત્રીના જણાવ્યા મુજબ, ઈબોલા નો કેસ પોઝિટિવ આવ્યો નથી. સેમ્પલને પુણે મોકલી આપવામાં આવ્યા છે.

## TAPI PM KISHAN SAMMAN NIDHI

દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા ખેડૂતોની આવક વધારવા તથા ખેડૂત કુટુંબોને આર્થિક સહાયરૂપ થવા માટે "પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના"નો પહેલી  ફેબ્રુઆરી, 2019થી અમલમાં અમલ કરવામાં  આવી રહ્યો છે. આ યોજના હેઠળ પાત્ર ખેડૂત કુટુંબોને દર વર્ષે **6000** રૂપિયાની સહાય ત્રણ હપ્તામાં સીધી બેંક ખાતામાં જમા કરવામાં આવે છે. અત્યાર સુધીમાં તાપી જિલ્લામાં **88** હજાર થી વધુ ખેડૂતોએ તેનો સીધો લાભ લીધો છે, આ મુજબ સરકાર ખેડૂતોને ખેતી ક્ષેત્રે આર્થિક સહાયમાં સરકાર મદદરૂપ પુરવાર થઈ રહી છે. તેમ તાપીના ખેતીવાડી અધિકારી ચેતન ગરાસિયાએ જણાવ્યું હતું.

**(BYTE - CHETAN GARASIA, AGRICULTURE OFFICER)**

# MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે **31** મે-ના રોજ આકાશવાણી પરથી પ્રસારિત થનારા “મન કી બાત” કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ તેમના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ **134**-મી કડી હશે.

લોકો તેમના મંતવ્ય અને સૂચન ટોલ-ફ્રી નંબર **1800—11—7800** પર તેમજ **MyGOV** ઑપન ફોરમ અથવા નરેન્દ્ર મોદી ઍપ પર પણ ઑનલાઈન મોકલી શકશે. ઉપરાંત નાગરિકો **1922** નંબર પર મિસ્ડ કૉલ પણ આપી શકે છે અને ટૂંકી સંદેશ સેવા - **SMS**માં મળેલી લિન્ક પર ક્લિક કરીને સીધા જ પ્રધાનમંત્રીને તેમના સૂચન મોકલી શકે છે. આવતીકાલ સુધી મંતવ્ય અને સૂચન મોકલી શકાશે.

# AAKASHWANI SUGAM SANGIT

આકાશવાણીના **90** વર્ષોની દેશવ્યાપી ઉજવણીના ભાગરૂપે, આકાશવાણી અમદાવાદ દ્વારા **“AKASHVANI@90** – સુગમ સંગીત સમારોહ**”** નુ આયોજન કરવામાં આવ્યું હતું.

આ વિશેષ કાર્યક્રમમાં પ્રતિષ્ઠિત કલાકારો બિરેન પુરોહિત, અર્ચિત પાટડીયા, સૃષ્ટિ ત્રિપાઠી અને મીરાંદે શાહ દ્વારા પ્રસ્તુતિઓ રજૂ કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું સંગીત નિર્દેશન પ્રખ્યાત સંગીતકાર હસમુખ પાટડિયા દ્વારા કરવામાં આવ્યુ હતું.

આકાશવાણીના ભૂતપૂર્વ અધિકારીઓ અને હાલના ફરજ પરના અધિકારીઓ સહિત આકાશવાણીમાં કામ કરતા કર્મચારીઓ સહિત શ્રોતાઓએ સંગીત સંધ્યાનો આનંદ માણ્યો હતો.

## WEATHER

હવામાન વિભાગની આગાહી મુજબ, 30 મે થી 1 જૂન દરમિયાન ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં વરસાદી માહોલ સર્જાવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. ગાજવીજ અને ભારે પવન સાથે વરસાદ વરસી શકે તેવી આગાહી કરવામાં આવી છે.

30 મેના રોજ સાબરકાંઠા, અરવલ્લી અને મહીસાગર જિલ્લામાં વરસાદ પડી શકે છે. જ્યારે 31 મેના રોજ સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર ઉપરાંત દાહોદ અને પંચમહાલ જિલ્લામાં પણ વરસાદની શક્યતા છે.

1 જૂનના રોજ બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ, છોટાઉદેપુર, અમરેલી અને ભાવનગર જિલ્લામાં ભારે પવન અને ગાજવીજ સાથે વરસાદ વરસે તેવી આગાહી હવામાન વિભાગના વડા એ કે દાસે કરી છે.

## IPL CRICKET

IPL ક્રિકેટ એલિમિનેટરમાં રાજસ્થાન રોયલ્સે સનરાઇઝર્સ હૈદરાબાદને 47 રનથી હરાવ્યું. ન્યૂ ચંદીગઢમાં પ્રથમ બેટિંગ કરતા રાજસ્થાને નિર્ધારિત 20 ઓવરમાં આઠ વિકેટે 243 રન બનાવ્યા.

જવાબમાં હૈદરાબાદ છેલ્લી ઓવરમાં 196 રનમાં ઓલઆઉટ થઈ ગયું. રાજસ્થાન તરફથી વૈભવ સૂર્યવંશીએ 29 બોલમાં 97 રનની શાનદાર ઇનિંગ રમી. વૈભવને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.

આવતીકાલે ટુર્નામેન્ટના બીજા ક્વૉલિફાયર મેચમાં રાજસ્થાન રોયલ્સ અને ગુજરાત ટાઇટન્સ એકબીજા સામે ટકરાશે. વિજેતા ટીમ રવિવારે ફાઇનલમાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રોયલ્સ ચેલેન્જર્સ બેંગ્લોરનો સામનો કરશે.

-----------------------------